**ઔદ્યોગિક ન્યાયપંચ નં.૬ નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ, અમદાવાદ**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૭૫/૨૦૨૧**

**પ્રથમ પક્ષકાર:**

(૧) ચીફ ઓફીસરશ્રી,
બારેજા નગરપાલિક સેવા સદન,
બારેજા, અમદાવાદ.

(૨) કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી (વહીવટ)
ગુજરાત રાજય, બ્લોક નં.૧,
કર્મયોગી ભવન, ચોથો માળ, ગાંધીનગર

(૩) પ્રાદેશીક કમિશ્નરશ્રી,
અમદાવાદ નગરપાલિકા, અમદાવાદ

**અને**

**બીજા પક્ષકાર:** ગુજરાત સફાઈ કામદાર મહામંડળ,
ઠે.૨૦૧, મોહીની રેસીડેન્સી,
કિડસ સીટી સામે, કાંકરીયા,
મણીનગર, અમદાવાદ–૩૮૦૦૦૮

**હાજર રહયા:** પ્રથમ પક્ષકાર નં.૧ તરફે કુ. નૈમીષા દેસાઈ,
સેનેટરી ઈન્સ્પેકટર .
પ્રથમ પક્ષકાર નં.૨, ૩ તરફે શ્રી એમ.બી. પ્રવાસી,
કાયદા અધિકારી.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી કસ્તુરભાઈ મકવાણા.

**–: આંક–૧૩ હેઠળ હુકમ:–**

**(૧)** સદર રેફરન્સ ઉપ સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં તા.૦૪–૦૬–૨૦૨૧ નાં હુકમ ક્રમાંક:કેએચઆર–૨૦૨૧–૭૬–આઈડીએ–૧૨૨૦૨૧– ૭૪૬–મ (૨) ધ્વારા હુકમની અનુસૂચિ મુજબની ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

**–: અ નુ સૂ ચિ :–**

**(૧) નીચેના પરિશિષ્ટ મુજબના કામદારો તેમના નામની સામે દર્શાવેલ સમયથી, હોદ્દા ઉપર અને પગારથી સળંગ, સતત, એકધારી અને નિયમિત રીતે ખાલી અને કાયમી જગ્યાઓ ઉપર તેમની નોકરીની ફરજો બજાવી રહેલ હોવાથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા પ્રથમ પક્ષકાર નં.ર સંસ્થામાં જેટલી કાયમી સ્વીપરની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ હોવાથી તે કામદારોને તે મંજુર થયેલ કાયમી જગ્યાઓ ઉપર સમાવી લઈ તાત્કાલિક અસરથી તે મુજબ પગાર, ગ્રેડ, મોંઘવારી ભથ્થા, હકકો અધિકારો અને લાભો સવલતો ચૂકવી આપવું કે કેમ?**

**(ર) આ કામદારોને પગાર, ગ્રેડ, મોંઘવારી ભથ્થા, હકકો, અધિકારો અને લાભો સવલતો ચુકવવાનું સંસ્થા ધ્વારા શરુ કરવામાં ન આવે તો જયારથી ચુકવવામાં આવે ત્યાં સુધીના તફાવતની રકમ કામદારોને ૧૦ ગણા વળતર અને વ્યાજ સહીત ચુકવી આપવું કે કેમ?**

(ર) બીજા પક્ષકાર ધ્વારા આંક–૧૩ થી વચગાળાની રાહત અરજી રજુ કરેલ છે. બીજા પક્ષકારે સદર અરજીમાં પ્રથમ પક્ષકાર તા.૪–૪–૨૨ ના એનેક્ષર–ઈ થી રજુ હુકમનો અમલ કરે કરાવે નહીં તે મુજબની દાદ માંગેલ છે.

ઔદ્યોગિક ન્યાયપંચ ધ્વારા તા.૨૨–૪–૨૨ ના હુકમથી પ્રથમ પક્ષકારને કારણદર્શક નોટીસ ઈસ્યુ કરેલ હતી. સદર નોટીસની બજવણી કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે કુ. નૈમીષા દેસાઈ, સેનેટરી ઈન્સ્પેકટર હાજર થઈ વકીલ રોકવાના હોઈ મુદત આપવા જણાવે છે. પ્રથમ પક્ષકાર નં.ર, ૩ તરફે શ્રી એમ.બી. પ્રવાસી, કાયદા અધિકારી હાજર રહી જવાબ માટે મુદતની માંગણી કરે છે.

એનેક્ષર–ઈ થી રજુ તા.૪–૪–૨૨ ના પ્રથમ પક્ષકાર નં.૧ ના પત્રને ધ્યાને લેવામાં આવે તો તેમાં સફાઈ કામદારોને દિન–૩૦ બાદ ફરજમૂકત કરવામાં આવશે તેમ જણાવેલ છે.

સદર કામની ઉપરોકત હકીકત ધ્યાને લઈ પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે તેઓએ ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ ની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય સદર વિવાદના સંબંધિત શ્રમયોગીઓની નોકરીની શરતોમાં તા.૬–૫–૨૨ સુધી

ફેરફાર કરવો નહીં તે મુજબ વચગાળાનો હુકમ કરવામાં આવે છે. સદર કામની વધુ સુનાવણી તા.૬–૫–૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવશે.

તા.૨૯–૦૪–૨૦૨૨
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

**કે.બી. ડોડિયા.પીપીએસ**